1. કિંમત અને મૂલ્યનો અર્થ આપો :

- કિંમત : કિંમત એટલે વસ્તુ કે સેવાના બદલામાં ચૂક્યાતા નાણાકીય એકમનું પ્રમાણ. જેમ કે, 1 ગ્રામ સોના માટે ચૂકવવામાં આવતાં નાણાં 1 ગ્રામ સોનાની કિંમત છે, મૂલ્ય : મૂલ્ય એટલે કોઈ વસ્તુ કે સેવાના બદલામાં મળતી અન્ય વસ્તુના પ્રમાણમાં વિનિમય મૂલ્ય. જેમ કે, 1 ગ્રામ સોનાના બદલામાં 10 ગ્રામ ચાંદી મળતી હોય, તો 1 ગ્રામ સોનાનું મૂલ્ય 10 ગ્રામ ચાંદી છે.વ્યવહાર માં મૂલ્યને (1)ઉપયોગિતા મૂલ્ય અને (2)વિનિમય મૂલ્ય તરીકે જોવામાં આવે છે. ઉપયોગિતા મૂલ્ય : કોઈ વસ્તુ માનવીને કેટલી ઉપયોગી છે તે તેનું ઉપયોગિતા મૂલ્ય દર્શાવે છે. જેમ કે, હવા,પાણી,ખોરાક વગેરે માનવજીવન માટે અત્યંત જરૂરી છે, તેથી તેમનું ઉપયોગિતા મૂલ્ય ખૂબ ઊંચું છે. વિનિમય મૂલ્યઃકોઈ વસ્તુના બદલામાં અન્ય વસ્તુના કેટલા એકમો મળે છે, તે તેનું વિનિમય મૂલ્ય દર્શાવે છે.જેમ કે,1કિગ્રા જુવારના બદલામાં 700 ગ્રામ મકાઈ મળતી હોય,તો 1 કિગ્રા જુવારનું વિનિમય મૂલ્ય 700 ગ્રામ મકાઈ ગણાય.વસ્તુનું ઉપયોગિતા મૂલ્ય હોય તો તેનું વિનિમય મૂલ્ય હશે તેમ કહી શકાય નહીં, પરંતુ જેનું વિનિમય મૂલ્ય હોય તેનું ઉપયોગિતા મૂલ્ય હોય જ.જે વસ્તુનું ઉપયોગિતા મૂલ્ય ખૂબ ઊંચું હોય તે વસ્તુનું વિનિમય મૂલ્ય ખૂબ નીચું રહે છે, જ્યારે જે વસ્તુનું ઉપયોગિતા મૂલ્ય નીચું હોય તે વસ્તુનું વિનિમય મૂલ્ય ઊંચું હોય છે.

2. વસ્તુઓના પ્રકારો જણાવી વપરાશી વસ્તુઓ અને ઉત્પાદક વસ્તુઓનો ખ્યાલ ઉદાહરણ આપી સમજાવો.

- માનવીની જરૂરિયાત સંતોષતી ભૌતિક બાબતોને વસ્તુઓ કહે છે. વસ્તુઓના ચાર પ્રકાર છે : (1) ભૌતિક વસ્તુઓ અને અભૌતિક વસ્તુઓ, (2) સર્વસુલભ વસ્તુનો અને આર્થિક (અછતવાળી) વસ્તુઓ,(3) ટકાઉ વસ્તુઓ અને નાશવંત વસ્તુઓ તથા (1) ખાનગી વસ્તુઓ અને જાહેર વસ્તુઓ. - વપરાશી વસ્તુઓ : જે વસ્તુઓ સીધી જ પ્રત્યથા વપરાશ તારા માનવીની જરૂરિયાત સંતોષે છે, તે વપરાશી વસ્તુઓ કહેવાય છે. દા. ત., કપડાં, ખોરાક વગેરે માનવીની જરૂરિયાતને સીધી જ સંતોષે છે. ઉત્પાદક વસ્તુઓઃ જે વસ્તુઓ ઉત્પાદન દ્વારા માનવીની જરૂરિયાતને પરોક્ષ રીતે સંતોષે છે, તે ઉત્પાદક વસ્તુઓ છે. કાપડ બનાવવા માટે વપરાતું રૂ અને રૂ માટે કપાસની ખેતી જરૂરી છે. અહીં રૂ. અને કપાસ ઉત્પાદક વસ્તુઓ છે. તે જ રીતે ખોરાક તૈયાર કરવા માટેના જરૂરી સાધનો જેવાં કે, ગેસ, પાણી, વાસણો, મસાલા વગેરે ઉત્પાદક વસ્તુઓ છે.

3. સંપત્તિના પ્રકારો જણાવી, રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિનો ખ્યાલ ઉદાહરણ આપી સમજાવો.

- જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે. સંપત્તિના બે પ્રકારો છે : (1) વ્યક્તિગત સંપત્તિ તથા સામાજિક સંપત્તિ તથા (2) રાષ્ટ્રીય સંપત્તિ અને આંતરરાષ્ટ્રીય સંપત્તિ.

  રાષ્ટ્રીય સંપત્તિ : જે સંપત્તિ દેશની માલિકીની હોય છે, તે રાષ્ટ્રીય સંપત્તિ કહેવાય છે. દેશની ઐતિહાસિક ઈમારતો, દેશનાં નદી, પર્વત, ખનિજો, જાહેર રસ્તાઓ વગેરે રાષ્ટ્રીય સંપત્તિ છે.

  આંતરરાષ્ટ્રીય સંપત્તિ : જે સંપત્તિની માલિકી આંતરરાષ્ટ્રીય હોય, તે આંતરરાષ્ટ્રીય સંપત્તિ કહેવાય છે. જુદા જુદા દેશો સાથે સંકળાયેલ સંસ્થાઓ જેવી કે, ITO (International Trade Organisation). ICC (International Chamber of Commerce). WMF (World Monetory Fund) quiz આંતરરાષ્ટ્રીય સંપત્તિ ગણી શકાય.

## 4. ઉત્પાદન-સાધનનો અર્થ ઉદાહરણ આપી સમજાવો.

➢ ઉત્પાદન-પ્રક્રિયામાં મદદ કરનારી બાબતો ઉત્પાદનનાં સાધનો છે. જમીન, મૂડી, શ્રમ, નિયોજક ઉત્પાદનનાં ચાર સાધનો છે. આ બધાં સાધનો ઉત્પાદનમાં સરખાં મહત્ત્વનાં છે.જમીન કુદરતી બક્ષિસ છે, હવા, પાણી, સુર્યપ્રકાશ, આબોહવા, ખાણ, પર્વત, નદી, તમામ કુદરતી પરિબળો જમીન છે. જમીન અગતિશીલ છે અને તેમાંથી મળતું વળતર ભાડું છે. વળતરની અપેક્ષા કરવામાં આવતું શારીરિક કે માનસિક કાર્ય તે શ્રમ છે. ઉત્પાદનના આ સાધનનો સંગ્રહ થઈ શકતો નથી અને તે સૌથી ઓછું ગતિશીલ સાધન છે. શ્રમના બદલામાં મળતું વળતર વેતન કહેવાય છે. ઉત્પાદનનું અગત્યનું સાધન્ મૂડી છે. જે માનવસર્જિત અને ઉત્પાદનનું સૌથી વધુ ગતિશીલ સાધન છે. મુડીના રોકાણનું વળતર, વ્યાજ છે. ઉત્પાદનનાં સાધનો જમીન, શાખ પખને મુ નું સંયોજન કરી ઉત્પાદનનું આયોજન કરનાર નિયોજક છે, તે જોખમ ઉઠાવી ઉત્પાદનનાં સાધનોની વ્યવસ્થા કરે છે અને આવક મેળવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેને મળતું વળતર અનિશ્ચિત છે. નિયોજકનું વળતર નફો છે.

## 5. વ્યાપારચક્રની વ્યાખ્યા આપી તેના આધારે વ્યાપારીકનાં મહત્વના તબક્કાઓ જણાવો.

➢ હેબરલરના મતે, “અર્થતંત્રમાં વારાફરતી આવતાં સારાં અને ખરાબ આર્થિક પરિવર્તનો એટલે વ્યાપારચક્ર" જ્યારે હોટ્રેના મતે, વ્યાપારના સારા અને ખરાબ તબક્કાઓ જે વારાફરતી આવે છે, તે વ્યાપારચક્ર છે. " વ્યાપારના મહત્વના તબક્કાઓ (1)તેજી,(2)ઓટ,(3)મંદી અને (4)સુધારણા છે.તેજીના તબક્કામાં વ્યાપાર પ્રવૃતિ ઉચ્ચતમ કક્ષાએ જોવા મળે છે.મુડીરોકાન અને રોજગારીનો ઊંચો દર જોવા મળે છે. ઓટના તબક્કામાં પ્રજાની વપરાશ ઘટતા દરે વધતાં અર્થતંત્રમાં નરમાઈ જોવા મળે છે. નફો ઘટતા નવા મૂડીરોકણો થતાં નથી.મંદીના તબક્કામાં મૂડીરોકન અને રોજગારીમાં ઘટાડો થવા લાગે છે . સુધારણના તબક્કામાં માંગ વધતાં નફો મળવાની આશા સર્જાય છે અને અર્થતંત્ર સુધારા તરફ ગતિ કરે છે.

## 6. સંપત્તિનો અર્થ આપી, સંપત્તિનાં લક્ષણો વિગતે સમજાવો.

➢ આલ્ફ્રેડ માર્શલના મતે, "જે વસ્તુ ઉપયોગી હોય, અછતવાળી હોય, વિનિમયપાત્ર હોય અને જેના પર વ્યક્તિગત માલિકી થઈ શકતી હોય તે સંપત્તિ છે." સંપત્તિનાં લક્ષણો :

1. સંપત્તિ ઉપયોગિતાનો ગુણ ધરાવે છે : સંપત્તિનું પ્રથમ લક્ષણ ઉપયોગિતા છે. સંપત્તિ માનવજરૂરિયાતો સંતોષવાનો ગુણ ધરાવે છે.મકાન, વાહન, સોના-ચાંદી-હીરાનાં ઘરેણાં વગેરે માનવીની ઉપયોગી વસ્તુઓ છે. તેથી તે સંપત્તિ છે.

2. સંપત્તિ અછતનો ગુણ ધરાવે છે : સર્વસુલભ વસ્તુઓ ઉપયોગી હોવા છતાં સંપત્તિ નથી, કારણ કે તે વિનિમયપાત્ર નથી. અછત હોય તેવી વસ્તુઓ ઉપયોગી છે અને વિનિમય મૂલ્ય ધરાવે છે. આમ, અછતવાળી વસ્તુ સંપત્તિ ગણાય. ઘરેણાં ઉપયોગિતાનો ગુણ ધરાવે છે અને તે સર્વસુલભ નથી. તેથી તે સંપત્તિ છે.

3. સંપત્તિ ભૌતિક કે બાહ્ય રૂપ ધરાવે છે : વ્યક્તિની વિચારશક્તિ એ તેનો આંતરિક ગુણ છે, જેનો વિનિમય થઈ શકતો નથી. તેથી તે સંપત્તિ નથી. સંપત્તિ ભૌતિક બાહ્ય રૂપ ધરાવતી હોવી જોઈએ. વૈજ્ઞાનિક શોધ બાહ્ય રૂપ ધરાવે છે અને તે વૈજ્ઞાનિકની માલિકીની થઈ શકે. તેથી તે વૈજ્ઞાનિકની સંપત્તિ ગણાય છે.

4. સંપત્તિ વિનિમયનો ગુણ ધરાવે છે : જો વસ્તુ ઉપયોગી હોય, ભૌતિક સ્વરૂપ ધરાવતી હોય પરંતુ વિનિમયપાત્ર ન હોય, તો તે સંપત્તિ નથી. સંપત્તિનું અગત્યનું લક્ષણ વિનિયતામતા છે, સંપત્તિ વ્યક્તિની વર્તમાન

જરૂરિયાતોની સાથે ભવિષ્યમાં ઊભી થનારી જરૂરિયાતોને સંતોષવાનો ગુણ ધરાવે છે. મકાન, જમીન, ઝવેરાત માનવીની વર્તમાન જરૂરિયાતો સંતોષે છે અને ભવિષ્યમાં આ વસ્તુઓ વેચીને તે અન્ય જરૂરિયાતો પણ સંતોષે છે.

5. સંપત્તિ ટકાઉપણાનો ગુણ ધરાવે છે કે જે વસ્તુઓ ઉપયોગી હોય પણ જેના જથ્થાને લાંબા સભ્ય સુધી રાખી શકાતો નથી, તે સંપત્તિ નથી. જેમ કે; ખેત ઉત્પાદન, શ્રમિકનો શ્રમ વગેરે. આમ, સંપત્તિમાં ટકાઉપણાનો ગુણ હોવો જરૂરી છે. જો કે ટેક્નોલોજીના ઉપયોગથી વસ્તુઓને લાંબા ગાળા સુધી ઉપયોગી રાખી શકાય, તો તે સંપત્તિ બને. જેમ કે, કોડ સ્ટોરેજમાં મુકેલી વસ્તુઓ લાંબો સમય ટકી શકે છે. જમીન, મકાન, ઝવેરાત વગેરે સંપત્તિ છે. કારણ કે, તે વર્ષો સુધી ટકી રહે

## 7. અર્થતંત્રમાં આવતાં ચક્રાકાર આર્થિક પરિવર્તનોના પ્રકારની વિસ્તૃત માહિતી આપો.

- અર્થતંત્રમાં ઊથલ-પાથલ તથા અસમતુલાઓ વગેરે ચક્રાકાર પરિવર્તનો આવ્યા કરતાં હોય છે. આવાં પરિવર્તનો આર્થિક પરિવર્તનો તરીકે ઓળખાય છે, જે ચાર પ્રકારના હોય છે : આકસ્મિક, મોસમી,દીર્ઘકાલીન અને ચક્રવાત.

1. આકસ્મિક આર્થિક પરિવર્તનો : અર્થતંત્રમાં આકસ્મિક કારણે આવતાં અણધાર્યા પરિવર્તનો આકસ્મિક આર્થિક પરિવર્તનો છે. જેમ કે, અતિવૃષ્ટિ, વાવાઝોડું, દુષ્કાળ વગેરેને કારણે અર્થતંત્રમાં આવતાં પરિવર્તનો. આવાં આકસ્મિક પરિવર્તનો અર્થતંત્રમાં લાંબા ગાળાની અસરો સર્જે છે. આકસ્મિક પરિવર્તનો કેટલીક વાર અર્થતંત્રના કોઈ એક ભાગ છે. પ્રદેશ પૂરતાં સીમિત હોય છે.

2. મોસમી આર્થિક પરિવર્તનો : અર્થતંત્રમાં ઋતુ આધારિત આવતાં પરિવર્તનો મોસમી આર્થિક પરિવર્તનો છે.શિયાળો, ઉનાળો અને ચોમાસાની ઋતુ મુજબ બજારમાં વસ્તુઓની માંગ જુદી જુદી હોય છે અને તે મુજબ ઉત્પાદન-રોજગારીમાં પણ પરિવર્તનો આવે છે. આવાં પરિવર્તનોનું ચક્ર દર વર્ષે ચાલ્યા કરે છે અને તેમાં સમયાંતરે પરિવર્તન આવ્યા કરે છે,

3. દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો : કોઈ ચોક્કસ દિશામાં લાંબા સમય સુધી અર્થતંત્રમાં પરિવર્તન થતું રહે છે, જેને દીર્ઘકાલીન આર્થિક પરિવર્તનો કહે છે. આવાં પરિવર્તનો અર્થતંત્રનું વલણ દર્શાવે છે. જેમ કે, લાંબા ગાળા સુધી દેશની વસ્તીનું વધવાનું વલણ છે, ગતિશીલ અર્થતંત્રમાં આવાં પરિવર્તનો એક જ દિશામાં હોય છે,ચક્રાકાર હોતાં નથી.

4. ચક્રવાત આર્થિક પરિવર્તનો : કોઈ સમયગાળા દરમિયાન સજતાં ઊર્ધ્વગામી અને અધોગામી આર્થિક પરિવર્તનો ચક્રવાત આર્થિક પરિવર્તનો છે આવાં પરિવર્તનો અનિશ્ચિત હોવા છતાં ઓળખી શકાય તેવા હોય છે. તેજી, મંદી જેવા વ્યાપારચકો ચક્રવાત આર્થિક પરિવર્તનો છે,